ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૯ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૫૬ ટકા

# નવરાત્રીમાં આરતી-પૂજા માટે પરવાનગી મેળવવા આયોજકોની દોડધામ

## આરતી-પૂજા માટે પણ પોલીસ અને વહીવટીતંત્રની લેખિત પરમીશન જરૂરી : મંજૂરી સાથે માર્ગદર્શિકા અપાશે જે મુજબ પાલન કરવાનું રહેશે

ગાંધીનગર, તા.૧૫

નવલી નવરાત્રી આડે હવે માત્ર એક જ દિવસ બાકી રહ્યો છે અને સરકારે જાહેર કરેલ ગાઈડલાઈન અનુસાર શેરી નવરાત્રીમાં માત્ર આરતી-પૂજાને જ મંજૂરી આપવામાં આવી છે જે અંગે પણ દરેક શેરી ગરબાના આયોજકોએ પોલીસ પરમીશન લેવી જરુરી છે તેવું જાહેર કરવામાં આવતા શહેરના નવરાત્રી આયોજકો દોડતાં થઈ જવા પામ્યાં છે. આ સાથે શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારો જે અગાઉ ગુડામાં હતા તેમાં નવ વિકસિત સોસાયટીઓ તથા ગ્રામ્ય વિસ્તારની શેરી ગરબીઓના આયોજકોને પણ આરતી-પૂજાની મંજૂરી લેવી પડશે તેવું જાણવામાં આવતાં તેની તજવીજ માટે દોડતા થઈ ગયા હતા. આ પરવાનગી સાથે પોલીસ દ્વારા આયોજકોને માર્ગદર્શિકા પણ આપવામાં આવશે જેનું પાલન કરવાનું રહેશે.

આ વર્ષે સરકારે માત્ર આરતી-પૂજાની જ છૂટ આપી હોવાથી પહેલાં તો પરંપરાગત ગરબીના આયોજકો એવા વિશ્વાસમાં હતા કે તેના માટે કોઈ આગોતરી મંજૂરીની પ્રક્રિયા કરવાની જરૂર નથી પરંતુ આ બાબતે એવી જાહેરાત કરાઈ કે આરતી-પૂજા માટે વહીવટતંત્રના અભિપ્રાય સહિતની પોલીસની લેખિત મંજૂરી જરૂરી છે. જેના કારણે આ સ્થિતિ સર્જાઈ હતી. એમાં પણ સોશિયલ મિડીયા પર જે મેસેજ ફરતા થયા તેમાં પોલીસની મંજૂરી મેળવવાની જ વાત હતી તેથી આયોજકો પોતાના વિસ્તારના સંબંધિત પોલીસ સ્ટેશને પહોંચ્યા ત્યારે પોલીસો તેમને કલેકટર કચેરીએથી મામલતદારનો અભિપ્રાય લાવવો પડશે તેવું જણાવતા આયોજકોએ જિલ્લા કલેકટર કચેરીએ જવું પડયું હતું અને ત્યાંથી અભિપ્રાય મેળવી તે સાથે પોલીસને અરજી સુપરત કરવાની તજવીજ કરવી પડી હતી. આ પ્રક્રિયાને કારણે શેરી નવરાત્રિના આયોજક હોદ્દેદારોને આજે પોતાના કામ-ધંધા વ્યવસાયમાંથી સમય કાઢવો પડયો હતો અને અગત્યના કાર્યો પડતા મુકી પહેલા નવરાત્રીમાં આરતી-પૂજાની મંજૂરી મેળવવા દોડધામ કરવી પડી હતી. જો કે શહેરના મોટાભાગના પરંપરાગત શેરી નવરાત્રીના આયોજકો તેમજ નવી સોસાયટીના અને નવા વિસ્તારોના આયોજકો બધા એક સાથે મંજૂરી મેળવવા આવવા લાગ્યા હોવાથી વટીવટીતંત્રએ પણ વધારે રકઝક વગર ઝડપથી અભિપ્રાય આપવાની તજવીજ હાથ ધરી હતી. આ અભિપ્રાય સાથે પોલીસ સ્ટેશને મંજૂર માટે કરવામાં આવેલી અરજીઓ પર પણ પોલીસે ત્વરિત કામગીરીનું વલણ દાખવ્યું છે અને દરેક આયોજકોને આજે અને આવતીકાલ સુધીમાં લેખિત પરમીશન મળી જાય તે માટે સંલગ્ન સ્ટાફ ઝડપથી કાર્યવાહી પતાવવા કામે લાગ્યો છે.

ગાંધીનગર શહેરના વિવિધ સેકટરોના સરકારી મકાનોના ચોકઠામાં, ખાનગી સોસાયટીઓમાં તેમજ કોલોનીઓમાં વગેરેમાં પ્રતિવર્ષ યોજાતી નવરાત્રીમાં આરતી-પૂજા કરવા માટે તેમજ શહેર સાથે સંલગ્ન ગ્રામ્ય વિસ્તારો સહિતના નવા સમાવિષ્ટ વિસ્તારો જેવા કે વાવોલ, પેથાપુર, રાંધેજા, કોલવડા, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ સહિતના તમામ ગ્રામ્ય વિસ્તારો અને તેની હદમાં વિકસેલા નવા અર્બન વિસ્તારોની નવવિકસિત સોસાયટીઓમાં પણ શેરી ગરબાના આયોજન થતા હતા જે તમામે આ વર્ષે આરતી-પૂજા કરવા માટે વહીવટી તંત્ર અને પોલીસની લેખિત મંજૂરી મેળવવા કમર કસી છે.

### છેલ્લી ઘડીએ પરવાનગી લેવા દોડવાનું થતાં આયોજકોના મોઢા કટાણાં થયા

**રાજય સરકારે જયારે નવરાત્રી સહિતના ઉત્સવો માટે ગાઈડલાઈનની જાહેરાત કરી ત્યારે નવરાત્રીના આયોજકોને લેખિતમાં મંજૂરી લેવી પડશે કે તેની પ્રક્રિયા અંગે કોઈ જાહેરાત કરાઈ નહોતી અને હવે જયારે નવરાત્રી છેક ઢૂકડે આવી પહોંચી ત્યારે આયોજકોને ખબર પડી કે પરવાનગીની પ્રક્રિયા કરવી પડશે એટલે આયોજકો દોડતાં થઈ ગયા હતા. પરંપરાગત નવરાત્રીના આયોજકો મોટે ભાગે જે તે સોસાયટી કે વસાહતના અગ્રણી રહીશો જ હોય છે. જેઓ પોતે પોતાના નોકરી ધંધામાં વ્યસ્ત હતા અને અચાનક આરતી પૂજાની પરવાનગી માટે દોડવાનું આવ્યું અને તેમાં પણ પોલીસ સ્ટેશનથી કલેકટર કચેરી અને કલેકટર કચેરીથી ફરી પોલીસ સ્ટેશન જેવી દોડધામમાં ધાર્યા કરતા વધુ સમય વ્યતિત થતાં તેમના મોઢાં કટાણાં થયા હતા.**



ગાંધીનગર જિલ્લાના વાઈલ્ડ લાઈફ વોર્ડન અને વનશ્રી ટ્રસ્ટના પ્રમુખ અંજના નિમાવત દ્વારા સે-૪માંથી રસ્તા વચ્ચે ચાલી રહેલ આંધળીચાકળ (સાપ)ને બચાવી લેવામાં આવેલ. જેને રોડ પરથી લઈ બખોલ પાસે છોડી મુકવામાં આવી હતી. બેન દ્વારા શહેરીજનોને પણ આમ પ્રાણી અને પક્ષીઓને મદદ કરવા વિનંતી કરવામાં આવી છે.

# કોવીડ હોસ્પિટલમાં ૩૮૯ દર્દીઓએ વેન્ટીલેટરની સારવાર મેળવી

ગાંધીનગર, તા.૧૫

શહેરની કોવીડ હોસ્પિટલમાં આઠમાં માળે કોરોનામાં નાજુક તબિયતવાળા દર્દીઓને રાખવામાં આવે છે.આ દર્દીઓને ઓક્સિજન, બાયપેપ અને વેન્ટીલેટરની પણ તાત્કાલીક જરુરીયાત ઉભી થઈ શકે છે. ત્યારે ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં છેલ્લા છ મહિનામાં ૩૮૯ દર્દીઓએ વેન્ટીલેટર પર સારવાર મેળવી છે. ગાંધીનગર શહેરમાં પણ કોરોના પોઝીટીવ કેસનો આંકડો કુદકે ને ભુસકે વધી રહ્યો છે. છેલ્લા છ માસ થી વધુ ના સમયથી કોરોના આંતક મચાવી રહ્યો છે. કોરોના સંક્રમણ ઘટે તે માટે રાત-દિવસ આરોગ્ય વિભાગના અધિકારીઓ કામ કરી રહ્યા છે. ત્યારે પાટનગરમાં પણ કોરોના પોઝીટીવ દર્દીઓની વધતી જતી સંખ્યા નગરજનોને ચિંતિત કરી રહી છે. ત્યારે કોવીડ હોસ્પિટલમાં અત્યાર સુધી કોરોના પોઝીટીવ હજ્જારો દર્દીઓ સારવાર લઈ સ્વસ્થ થયા છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. નવી બિલ્ડીંગના ૫ થી ૮ માળ સુધી કોરોના પોઝીટીવ અને શંકાસ્પદ દર્દીઓની સેવામાં તંત્ર ખડેપગે છે. કોરોનાના કહેરને પગલે તંત્ર દ્વારા ડાયાબિટીસ, બીપી, અને શ્વાસને લગતી બિમારી હોય તેવા અધિકારી-કર્મચારીઓને પણ કોરોના વોર્ડમાં ફરજ પર મુકવામાં આવતા નથી. ત્યારે આ પ્રકારની બિમારીવાળા દર્દીઓ કોરોના પોઝીટીવ આવતા તેઓની તકલીફ વધી જવા પામે છે. જેથી તેઓને ઓક્સિજન, બાયપેપ કે વેન્ટીલેટર પર સારવાર આપવાની તાતિ જરુરીયાત ઉભી થાય છે. ત્યારે છેલ્લા છ માસમાં કોરોના પોઝીટીવ ૩૮૯ દર્દીઓએ વેન્ટીલેટરની સારવાર મેળવી છે.કોરોનાની સારવાર દરમિયાન દર્દીઓને ઓક્સિજનની માત્રા ઘટી જાય અને શ્વાસમાં તકલીફ પડે ત્યારે વેન્ટીલેટર પર મુકવાની જરુર પડે છે. આ એક ગંભીર સ્થિતિ કહેવામાં આવે છે. પંરતુ ગાંધીનગરમાં અત્યાર સુધીમાં હજ્જારોની સંખ્યામાં દર્દીઓ સારવાર મેળવી સ્વસ્થ થયા છે. જે પૈકી માત્ર ૩૮૯ દર્દીઓને જ વેન્ટીલેટરની જરુરીયાત ઉભી થઈ છે.

# અડાલજના ગાંજા કેસમાં ફરાર આરોપી આખરે પોલીસની ગિરફતમા

ગાંધીનગર, તા.૧૫

અડાલજ વિસ્તારમાં નોંધાયેલા ગાંજાના કેસમાં છેલ્લા ૮ માસથી નાસતા ફરતા આરોપીને પોલીસે દબોચી લીધો છે. અડાલજ ત્રિ-મંદિર પાસેથી રીક્ષામાંથી ૩.૯૭૭ ગ્રામ ગાંજો પકડાયો હતો. જે તે સમયે ગાજા સાથે ચાર શખ્સો ઝડપાયા હતા. જેમાં ગાંજો મંગાવનાર તરીકે બનાસકાંઠા ચિરાગ નટવરભાઈ ચૌધરી (રણોલ બનાસકાંઠા) નું નામ ધ્યાને આવ્યું હતું. ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાનહેડ કોન્સ્ટેબલ અનુપસિંહ અને કોન્સ્ટેબલ અનોપસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે ચિરાગ ચૌધરીને ઘરેથી પકડી પાડ્યો હતો. કેસ નોંધાયો તે સમયથી આરોપી નાસતો ફરતો હતો જેથી પોલીસે તેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



શહેરમાં ટ્રાફિક લાઈટ નવી હતી ત્યારે શહેરીજનોને તેને અનુસરવામાં ઘણી મુશ્કેલી પડતી હતી. ટ્રાફિક પોલીસેના પ્રયત્નોથી ગાંધીનગરાઓ હવે ધીમે ધીમે ટ્રાફિક લાઈટથી ટેવાતા જાય છે. વર્ષો સુધી ટ્રાફિક સિગ્નલ વગરના માર્ગોની ટેવવાળા ગાંધીનગરાઓ હવે ટ્રાફિકના નિયમોનો અસરકારક અમલ કરે છે. ગાંધીનગરના મુખ્ય માર્ગોના તમામ ક્રોસિંગ પર નવા ટ્રાફિક સિગ્નલ નાંખવાની કામગીરી ચાલી રહી છે.

# શહેરના વોર્ડ નં.૮માં જોખમી વૃક્ષોના ટ્રીમીંગ માટે માંગ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેકટર-૪, ૩ ન્યુ, ૨ અને ૧માંથી નતડરરૂપ જોખમી નમી ગયેલા વૃક્ષોનું ટ્રીમીંગ કરવા તેમજ સ્ટ્રીટ લાઈટના થાંભલાની આજુબાજુમાં વૃક્ષોનું પણ ટ્રીમીંગ કરવા સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરા દ્વારા માંગણી કરવામાં આવી છે પ્રવિણાબેન વોરાએ આ બાબતે બોરીજ રેન્જના પરિક્ષેત્ર વન અધિકારીને પત્ર લખી કામગીરી હાથ ધરવા અનુરોધ કર્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડનં.૮માં વરસાદી સીઝન બાદ આડેધડ રીતે વધી ગયેલી વૃક્ષોની ડાળીઓ, નમી પડેલા જોખમી વૃક્ષો વગેરેનું હજુ સુધી ટ્રીમીંગ કરવામાં આવ્યું નહોતું. આ વિસ્તારના કોમન પ્લોટસ તથા રોડ રસ્તાઓની આસપાસના જોખમી વૃક્ષોનું ટ્રીમીંગ જરૂરી હોય છે. તેજ રીતે સ્ટ્રીટલાઈટના થાંભલા નજીકના વૃક્ષોનું પણ ટ્રીમીંગ જરૂરી હોય છે. જે આ વિસ્તારમાં હજુ સુધી કરાયું ના હોવાથી અકસ્માતનો ભય ખડો થવા પામ્યો છે જેને અનુલક્ષીને સ્થાનિક નગરસેવકે વનતંત્ર સમક્ષ ટ્રીમીંગ માટે માંગણી કરી છે.

# શહેરની મહિલાએ પતિ સહિત સાસરીયા સામે શારિરીક-માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના એક સેકટરમાં રહેતી ૩૫ વર્ષિય મહિલાએ પતિ અને સાસરી પક્ષના સભ્યો સામે ગંભીર આક્ષેપ કરી પોલીસ ફરીયાદ નોંધાવી છે. મહિલાએ સાસરીયા દહેજ માટે શારીરીક-માનસીક ત્રાસ આપતા હોવાનો દાવો કર્યો છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગરના એક સેકટરમાં રહેતી ૩૫ વર્ષિય મહિલાના લગ્ન વર્ષ ૨૦૦૫ માં સોલા વિસ્તારમાં થયા હતા. મહિલાના લગ્નજીવન દરમિયાન દિકરો અને દિકરી છે. સસરાનો બનાસકાંઠા ખાતે નોકરી હોવાથી મહિલા પતિ, સાસુ-સસરા, દિયર સાથે રહેવા માટે ગયા હતા. ત્યારબાદ લગ્નના થોડા જ સમયમાં મહિલાને ખબર પડી કે પતિ વિકૃત જાતિય માનસિકતા ધરાવે છે. પરંતુ પરિવારની આબરૂ માટે માટે મહિલા બધુ સહન કરી રહી હતી. લગ્નના એક વર્ષમાં જ પતિ સહિત સાસરી પક્ષના સભ્યો એકઠા થઈને નાની નાની વાતોમાં ભુલ કાઢીનો મહિલાનો શારીરીક માનસિક ત્રાસ આપતા હતા. છુટાછેડાની ધમકી આપી મહિલાને દહેજ માટે હેરાન કરતા ફરીયાદીના પિતાએ સોલા ખાતે વર્ષ ૨૦૦૭ માં ઘર લઈ આપ્યું હતું. આ ઘરમાં તમામ વ્યકિતઓ રહેવા માટે આવી ગયા હતા. વર્ષ ૨૦૦૯ માં દિકરાના જન્મ બાદ પતિ તેમજ સાસરી પક્ષના સદસ્યો વેપાર માટે ૮૦ લાખની માંગણી કરવા લાગ્યા હતા. ફરીયાદીની સાથે રહેતા તેમના દિયર-દેરાણી, અને મામાજીનો દિકરો અને તેની પત્ની પણ તેમને ખોટી રીતે હેરાન કરીને પતિની ચઢામણી કરતા હતા. ફરીયાદીના આક્ષેપ મુજબ સાસુ-સસરાએ ફેકટરી શરુ કરવા માટે મહિલાના ભાઈ પાસેથી પૈસા અને જમીનની માંગણી કરી મહિલાનો જીવતી સળઘાવી દેવાની ધમકી આપી હતી. જેથી મહિલાએ અનુરોધ કરતા તેણીના ભાઈએ ફેકટરી શરુ કરવા માટે ૨૦૧૭માં હાંસલપુર ખાતે જમીન અને ૯૫ લાખની લોન આપી હતી. ફરીયાદ પ્રમાણે જુન-૨૦ માં સાસરી વાળાએ ભેગા મળીને ઝઘડો કરીનો બાળકો છીનવી ને મહિલાને ઘરમાંથી હાંકી કાઢી હતી. જેથી મહિલાના પરિવારે સામાજીક રાહે સમાધાનના પ્રયત્ન કરવા છતા પતિ માન્યો ન હતો. તેણે પિયરની મિલકતમાંથી ત્રીજા ભાગની મિલકત નામે કરે તો જ પત્ની તરીકે સ્વીકારવાની શરત મુકી હતી. જેથી હવે સમગ્ર મુદ્દે મહિલાએ પતિ સહિત સાસરીયા સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ આપી છે.



કોરોના મહામારી સામે જનજાગૃતિ દ્વારા લડત આપવાનું અભિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરુ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજે માહિતી નિયામકની કચેરીની ન્યુઝ એન્ડ મીડિયા રિલેશન શાખાના સૌ કર્મી દ્વારા શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા તથા સરકાર દ્વારા બતાવવામાં આવેલા નિયમોનું પાલન કરવા સાથેના અનેક નિયમો લેવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. જયંતિલાલ મોહનલાલ ચૌહાણ, ઉ.વ. ૭૩ સેકટર-૧૨, ગાંધીનગર
- સ્વ. દિપિકાબેન અશોકકુમાર પટેલ, ઉ.વ. ૫૫, પાલનપુર, જી. બનાસકાંઠા
- સ્વ. વિરાભાઈ સોમાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૪, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. બિહોલા દેવુબા લક્ષ્મણસિંહ, ઉ.વ. ૯૫, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. પરમાર ચીમનભાઈ જીવાભાઈ, ઉ.વ. ૭૪, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. જયેશ ભાનુપ્રસાદ ત્રિવેદી, ઉ.વ. ૫૯, ભીલોડા, જી. અરવલ્લી
- સ્વ. લોહાણા ધર્માબેન શંકરભાઈ, ઉ.વ. ૯૦, સોનારડા, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર ચંદુજી માથાજી, ઉ.વ. ૪૮, બોરીજ, તા. ગાંધીનગર
- સ્વ. કેશાભાઈ નાનાભાઈ પંડયા, ઉ.વ. ૬૩, દાવલી, તા. મોડાસા, જી. અરવલ્લી
- સ્વ. કનુભાઈ દામોદરદાસ પ્રજાપતિ, ઉ.વ. ૬૩, કોલવડા, તા. ગાંધીનગર

# શું તમને માસ્ક પહેરી રાખવામાં તકલીફ થાય છે? તો આ રહ્યો ઉપાય...!!

## સતત માસ્ક પહેરવાથી કંટાળતા કે શ્વાસ લેવામાં તકલીફ અનુભવતા વ્યકિતઓ માટે હવે બજારમાં 'માસ્ક ડ્રોપ્સ' ઉપલબ્ધ છે જેના ઉપયોગથી માસ્ક પહેરી રાખવો ગમશે

ગાંધીનગર, તા.૧૫

શું આપને માસ્ક પહેરવાનો કંટાળો આવે છે અથવા માસ્ક પહેરી રાખવામાં શ્વાસ લેવામાં તકલીફ થતી હોયતેવું અનુભવાય છે? જો આ પ્રશ્નનો જવાબ હા હોય તો આપની માટે હવે બજારમાં ખાસ પ્રકારના 'માસ્ક ડ્રોપ્સ' ઉપલબ્ધ બન્યા છે જેના ઉપયોગ વડે તમને આખો દિવસ માસ્ક પહેરી રાખવાનું ગમશે અને તે સાથે સાથે તે 'માસ્ક ડ્રોપ્સ' તમને શરદી-ખાંસી વગેરેથી રાહત અપાવશે જેથી તમને કોરોના સંક્રમણનો ખતરો ઘટી જશે.

જયારથી કોરોના વાયરસનું સંક્રમણ પ્રસર્યું છે ત્યારથી દેશના વડાપ્રધાનથી માંડીને આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા એક જ વાત કહેવામાં આવે છે કે કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરો જેમાં સૌથી અગત્યની ત્રણ બાબતો મોખરે છે અને તે બાબતો છે ફરજિયાત માસ્ક પહેરવો, સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અને સેનેટાઈઝરનો ઉપયોગ કરતા રહેવું. કોરોના સંક્રમણ વધે નહીં તે માટે 'માસ્ક' એક ખૂબ જ મહત્વનું હથિયાર સાબિત થઈ રહ્યું છે કેમ કે તાજેતરના સંશોધનો મુજબ કોરોના વાઈરસ મોંમાંથી કે નાકમાંથી છૂટેલા ડ્રોપલેટસ સાથે છ ફૂટ સુધી હવામાં પ્રસરી શકે





છે. આ કારણે સરકારે પણ માસ્ક નહીં પહેરનાર નાગરિકો માટે દંડની રકમ પણ વધારીને રૂ.૧ હજાર સુધી કરી દીધી છે પરંતુ તેમ છતાં મોટા ભાગના નાગરિકોમાં માસ્ક પહેરવાની કે યોગ્ય રીતે પહેરવાની ઉદાસીનતા જોવા મળી રહી છે જેનું મુખ્ય કારણ સતત લાંબા સમય સુધી એકનો એક માસ્ક પહેરી રાખવાથી તેના કાપડમાંથી પ્રસરતી દુર્ગંધ માસ્ક પહેરી રાખવાથી શ્વાસ લેવામાં પડતી તકલીફ તેમજ જવાબદાર છે. હવે આ મુશ્કેલીનો ઈલાજ આવી ગયો છે કેમ કે હવે બજારમાં એવા ટીંપા ઉપલબ્ધ છે જેને માસ્ક પર લગાડવાથી માસ્કમાંથી સતત સુગંધ આવતી રહે છે જેથી વ્યકિતને માસ્ક પહેરી રાખવાનું ગમે છે. વળી, આ ડ્રોપ્સમાં આયુર્વેદ ડ્રોપ્સ પણ ઉપલબ્ધ હોવાથી જે વ્યકિતને શરદી ખાંસીમાં રાહત આપે છે જેના કારણે કોરોના સંક્રમણનું જોખમ પણ ઘટે છે જો કે આ ડ્રોપ્સના વિકલ્પ રૂપે વ્યકિત પોતાના ઘરમાં રહેલું નીલગીરીનું તેલ કે લવિંગના તેલનો પણ ઉપયોગ કરી શકે છે.

### આયુર્વેદિક ડ્રોપ્સની લોકપ્રિયતા વધુ

માસ્ક ઉપર લગાડવાના ડ્રોપ્સમાં મોટે ભાગે આયુર્વેદિક ડ્રોપ્સ વધુ લોકપ્રિય બની રહ્યા છે જેમાં નીલગિરી, તુલસી, કપુર કે લવિંગ જેવી વનસ્પતિના તેલ કે અર્ક સાથેનો ડ્રોપ્સ હોય છે. આ ડ્રોપ્સને માસ્ક પર લગાડવાથી જે વ્યકિતએ માસ્ક પહેર્યો હોય તેને તેની સતત સુગંધ આવતી રહે છે જેથી માસ્ક પહેરી રાખવાનું ગમે છે તેમજ તે સાથે તેની સુગંધ શ્વાસમાં ભળવાથી શરદી-સળેખમ-ખાંસી-ઉધરસ વગેરેમાં પણ રાહત રહે છે જેના કારણે તેના ડ્રોપલેટસ હવામાં ભળતા નથી. આ ડ્રોપ્સની કિંમત પણ માત્ર રૂ. ૧૦ થી રૂ. ૩૦ સુધીની નજીવી હોય છે અને કેટલાંક ડ્રોપ્સની તીવ્રતા એટલી હોય છે કે માસ્ક ઉપર માત્ર એક જ ટીંપુ મુકવાથી આખો દિવસ તેની અસર અનુભવાય છે.